**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭. ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૫૨ ટકા

# શહેરમાં તુલસીવિવાહ ભાવપૂર્વક યોજાયા

**સે. ૨૨ શ્રેયસ સોસાયટી સ્થિત કૃષ્ણમંડળ દ્વારા ધામધૂમથી તુલસીવિવાહનો પ્રસંગ ઉજવાયો : ઢોલ-નગારા સાથે કાનાજીનો વરઘોડો ઉમંગભેર ઉજવાયો**





ગાંધીનગર, તા. ૧૪

દેવ ઉઠી અગિયારસ નિમિત્તે સેક્ટર-૨૨માં ભાવપૂર્વક તુલસીવિવાહ ઉજવાયો હતો. જેમાં સોસાયટીમાં ભગવાન કૃષ્ણનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. ઢોલ-નગારા સાથે કાનાજીનો વરઘોડો ઉમંગભેર ઉજવાયો હતો. તુલસીવિવાહ પ્રસંગે સે. ૨૨ના ગાર્ડનમાં દોઢસોથી બસો માણસો એકઠા થયા હતા. જેમ પોતાના પરિવારમાં જ પ્રસંગ હોય તે રીતે સંપૂર્ણ તુલસીવિવાહ યોજાયો હતો. જેમાં કાનાનો વરઘોડો, મામેરૂ, જાન, લગ્નગીતો, લગ્નમંડપ, પૂજાવિધિ, પ્રસાદ, તુલસી વિદાયનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તુલસીવિવાહ પ્રસંગે વર-કન્યાને સુંદર રીતે સજાવટ કરીને તૈયાર કરાયા હતા. દેવઉઠી અગિયારસના આગલા દિવસે રાત્રે મહેંદી રસમ પણ રાખવામાં આવી હતી. તુલસીમાતાના માતા-પિતા ભાવનાબેન ભરતકુમાર પટેલ, કાનાના માતા-પિતા ગીતાબેન બિપીનચંદ્ર પટેલ તથા મામેરૂ લીલાબેન બાબુલાલ ચૌધરી દ્વારા લાવવામાં આવ્યું હતું. તુલસીમાતાનું મામેરૂ વાજતે ગાજતે ઢોલ-નગારા સાથે ગાર્ડનમાં આવ્યુ હતુ. ગાર્ડનમાં મંડપમાં તુલસીવિવાહ યોજાયો હતો. જેમાં સમગ્ર પૂજાવિધિ પંડિતજી દ્વારા કરવામાં આવી હતી. સેક્ટર-૨૨માં દરેક ઘરે આસોપાલવના તોરણો ઘર આંગણે દરવાજા પર બાંધવામાં આવ્યા હતા. તુલસીમાતાના માતા-પિતા દ્વારા પૂજાવિધિમાં બેસીને છેલ્લે કન્યા વિદાય કરવામાં આવ્યુ હતુ. તુલસીના માતા-પિતા તરફથી કન્યા માટે સોનાની ચૂની તથા જોડ કપડા આપવામાં આવ્યા હતા. તુલસીમાતાના મામેરામાં કૃષ્ણનો સૂટ, પતાસા, ઘરેણાં, ચૂંદડી, બ્રાહ્મણની કન્યાદાન ઉપરાંત કન્યાદાનમાં ગાય આપવામાં આવી હતી. જેમાં સુંદર નાની સજાવેલી ગૌરી ગાય મુકવામાં આવી હતી.

શહેરમાં પાંચ સ્થળોએ દેવઉઠી અગિયારસ નિમિત્તે તુલસીવિવાહ ભાવપૂર્વક ઉજવાયો હતો. શ્રેયસ સોસાયટી ખાતે તુલસીવિવાહ નિમિત્તે પ્રસાદ તરીકે આઈસ્ક્રીમ, ચા ની વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ સોસાયટીના રહીશો લગ્ન પ્રસંગે તૈયાર થાય તેમજ સુંદર રીતે સજીધજીને આવ્યા હતા અને તુલલસીવિવાહમાં ભાવપૂર્વક જોડાયા હતા. શ્રેયસ સોસાયટીની બહેનો દ્વારા ૧૦ વર્ષથી આ પ્રસંગનું આયોજન કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લીલાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## શહેરમાં ગઈ કાલે લગ્નપ્રસંગ નિમિત્તે ગરબાના કાર્યક્રમો રાખ્યા હતા

ગઈકાલે શહેરમાં નવરાત્રી જેવો માહોલ બન્યો હતો. લગ્ન પૂર્વના ગરબાના કાર્યક્રમોની સંખ્યા સૌથી વધારે હતી. જેમાં નવરાત્રી જેવો માહોલ જોવા મળ્યો હતો. દેવઉઠી અગદિયારસ બાદ શહેર અને ગામે ગામ લગ્નની સહેનાઈઓ ગૂંજી ઉઠશે. લગ્ન પૂર્વે ગરબા પ્રસંગોમાં ડીજેના તાલે જૂમી ઉઠ્યા હતા.

# અડાલજ સ્થિત ગોપી ટી-સ્ટોલમાંથી વિદેશી દારૂ અને બીયરના ટીન મળ્યા

ગાંધીનગર, તા.

અડાલજ જી.ઈ.બી.ની બાજુમાં આવેલ ગોપી ટી સ્ટોલ નામની હોટલમાંથી વિદેશી દારૂની ૧૭ બોટલ અને ૧૨ નંગ બિયરના ટીન ઝડપાયા છે. પોલીસે દારુ-બિયર મળી કુલ રૂ.૧૫,૫૫૫ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે મહારાજા હોટલ નજીક આવતા કોન્સ્ટેબલ અજીતસિંહ અને લોકરક્ષક કૃણાલને બાતમી મળી હતી કે અડાલજ જીઈબી ની બાજુમાં આવેલી ગોપી ટી સ્ટોલ નામની હોટલમાં રહેતા લાલસિંહ અમરસિંહ ચૌહાણ દુકાનમાં વિદેશી દારુનો વેપાર કરે છે. જેને પગલે પોલીસે ગોપી ટી સ્ટોલ નેહડા-કીંગ હોટલ પરથી બે શખ્સો મળી આવ્યા હતા. પોલીસે શખ્સોનું નામ પુછતા લાલસિંહ અમરસિંહ ચૌહાણ (ઉં.૩૨ રહે.હાલ નેહડાકીંગ હોટલ અડાલજ મુળ રહે.ગડા-સિંહાલીયા પોસ્ટ-મોવાઈ તા.આસપુર જી.ડુંગરપુર) અને બીજા શખ્સે પોતાનું નામ વાલેંગ કચ્છરૂભાઈ પાટીદાર (ઉં.૪૦ રહે કોલખંડાગામ તા.જી.ડુંગરપુર) ને સાથે રાખી દુકાનમાં તપાસ કરતા પોલીસને ત્રણ પ્લાસ્ટીકની થેલીમાંથી વિદેશી દારુની ૧૭ બોટલ તેમજ અને ૧૨ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. અડાલજ પોલીસે રૂ.૧૫,૫૫૫ દારૂ-બિયરનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો પકડી પાડી પ્રોહીએક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.




ઈન્દ્રોડા ગામમાં કાળીચૌદશના દિવસે માતાજીના ગરબાનું સ્થાપન કરવામાં આવે છે. દરરોજ માતાજીની પૂજા-અર્ચનાથી ભક્તિમય માહોલ સર્જાય છે. છેક અગીયારસ સુધી દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. અગિયારસે ગરબો વળાવવામાં આવતા આખુ ગામ જાણે ભક્તિના રંગે રંગાઈ હિલોળે ચઢ્યુ હતુ.

## મધ્યસ્થ ગ્રંથાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય સેક્ટર-૧૭ ખાતે ગઈકાલે 'રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ' ઉજવણીનો પ્રારંભ થયો હતો. રાજ્ય ગ્રંથપાલ નરેશભાઈ પંડ્યાએ પુસ્તક, વાંચન અને માહિતીનું જીવનમાં મહત્વ વિશે પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ આઝાદીનો અમૃત મહોત્સવના અનુસંધાને 'ભારતની આઝાદીમાં ગુજરાતનું પ્રદાન પર'ના પુસ્તકો તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિના અવસર સંદર્ભે તેમણે લખેલા પુસ્તકોનું એક પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યુ છે. આ પ્રદર્શન સોમવાર સાંજ સુધી નિહાળી શકાશે. આ સમગ્ર ગ્રંથ સપ્તાહ દરમ્યાન ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ પર ક્વિઝ સ્પર્ધા, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું યોગદાન વિષય પર વક્તૃત્વ સ્પર્ધા તથા ઝવેરચંદ મેઘાણી એક સ્મરણ પર ચર્ચાગોષ્ઠી જેવા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કર્યુ છે.

# પેથાપુર ચોકડી પાસે રોડ ક્રોસ કરતા રાહદારીનુ રીક્ષાની ટક્કરે મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર નજીક પેથાપુર ચાર રસ્તા નજીક રિક્ષા ચાલકે પોતાની રીક્ષા પુર ઝડપે હંકારી માર્ગ ઓળંગી રહેલા રાહદારીને ટક્કર મારતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાગ્રસ્તને તાત્કાલીક ગાંધીનગર સિવિલ તેમજ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન રાહદારીનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર મહાલક્ષ્મી મંદિર પાસે કોટ ફળી ખાતે રહેતા શરીફાબેન મુલતાની પતિ ઉસ્માનભાઈ સાથે ગાદલા પિંજવાનું કામ કરે છે. તેમના પતિની પહેલી પત્નિનું ૧૫ વર્ષ પહેલા મૃત્યુ થયુ હતું. તેઓને ચાર સંતાનો છે,જયારે શરીફાબેન ને સંતાન નથી. ગતરોજ શરીફાબેન અને ઉસ્માનભાઈ પેથાપુર ઓમકાર રેસીડેન્સી ખાતે ગાદલા પિંજવા માટે ગયા હતા. તે સમયે તેમની સાથે ભાણી યાસ્મિન, પૌત્ર સહેજાન, પૌત્રી તમન્ના અને હનીફભાઈની દિકરી સોફિયા પણ સાથે ગઈ હતી. સાંજના સમયે કામ પૂર્ણ થઈ જતા બાળકોને ભુખ લાગતા પતિ-પત્નિ તેમને પેથાપુર પાસે હોટલમાં જમવા માટે લઈ ગયા હતા. સમગ્ર પરિવાર હોટલમાં જમીને બહાર નીકળી ઘર તરફ જઈ રહ્યો હતો. તે સમયે પેથાપુર ચોકડી પાસે ગોપાલ પાન પાર્લર સામે માર્ગ ઓળંગતા વખતે રાત્રીના આઠ વાગ્યાના અરસામાં ગાંધીનગર બાજુથી આવતી રીક્ષાના ચાલકે પોતાની રીક્ષા પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી રોડ ક્રોસ કરતા ઉસ્માનભાઈને ટકકર મારી હતી. જેથી ઉસ્માનભાઈ માર્ગ પર પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. જેથી રીક્ષા ચાલક તોફીક મનસુરી (રહે.મદીના હાઈટસ પેથાપુર) ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. જયાં તેમનુ સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું. બનાવ અંગે શરીફાબેનની ફરીયાદ લઈ પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડા જીઈબી પાસે રોડ ક્રોસ કરતા રાહદારી કારની ટક્કરથી ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા જીઈબીની સામે માર્ગ ક્રોસ કરતા સમયે રાહદારીને આઈટેન કારના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે કાર હંકારી અડફેટે લેતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આમમીયા નજુમમીયા મલેક (ઉં.૪૮ રહે.ધારીસણા, તા.દહેગામ) ખાતે રહે છે અને ગાંધીનગર એમસીબીએસ કંપનીમાં ફરજ બજાવે છે. ગત તા.૧૩ ના રોજ ફરીયાદી અને તેમનો ભત્રીજો આરીફ મહેમુદમીયા મલેક તેમજ યુનુસમીયા મેહુમુદમીયા મલેક તમામ ગાંધીનગર એમસીબીએસમાં સાથે નોકરી કરતા હોવાથી ધારીસણા થી વાનમાં ગાંધીનગર નોકરી પર આવ્યા હતા. નોકરીમાંથી છુટીને ૬ વાગે પાછા વાનમાં તમામ વ્યકિત ધારીસણા જવા માટે નીકળ્યા હતા. તે સમયે મોટા ચિલોડા જીઈબી ની સામે આવેલા ગલ્લામાંથી ફરીયાદીને માલસામાન લેવાનો હોવાથી વાન ઉભી રાખી હતી. ફરીયાદી માર્ગ ઓળંગી સામેની બાજુ જઈ રહ્યા હતા તે સમયે અચાનક પુરઝડપે અને ગફલતભરી રીતે આઈટેન કાર નં. જી.જે.૧૮.બી.એચ.-૮૯૬૮ હંકારી ચાલકે ટકકર મારતા તેઓ રોડ પર પટકાયા હતા. જેથી માથાના ભાગે તેમજ જમણા હાથે અને પગે ઈજા પહોંચી હતી.

# કંઈક એવું શીખવું જેથી આગામી પેઢી પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ ના વળે..!!

**ગાંધીનગરવાસી બનેલો અનેકવિધ પ્રતિભા ધરાવતો ૨૯ વર્ષીય યુવાન ચિત્રકળા, રંગોળી, રેત શિલ્પ વગેરેમાં માહેર હોવા સાથે રાયફલ શુટીંગનો ખેલાડી : આયુર્વેદ-યોગ અને ગ્રંથોના જ્ઞાન સાથે કેરળની પ્રાચીન માર્શલ આર્ટ ''કલરીપયટુ''નો પણ તે ગુરૂ છે**




ગાંધીનગર, તા. ૧૪

દિવાળીના તહેવારમાં રંગોળીનું ઘણું મહત્વ જોવા મળે છે અને આ સમયગાળામાં અનેક ઠેકાણે રંગોળી સ્પર્ધાઓ પણ આયોજિત થાય છે. ગાંધીનગરમાં એક એવો યુવાન વસી રહ્યો છે જેણે તાજેતરમાં જ રામભક્ત જલારામ બાપાની ૨૨૨મી જન્મ જયંતિએ પોરબંદર ખાતે ૨૨૨ ફુટની રંગોળીથી જલારામબાપાનું ચિત્ર તૈયાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. અમિતસિંહ મસાણી નામનો માત્ર ૨૯ વર્ષની વયનો આ યુવાન અચ્છો ચિત્રકાર હોવા સાથે રેત શિલ્પનો પણ કલાકાર છે, એટલું જ નહીં પરંતુ તે રાયફલ શુટીંગનો નેશનલ ક્વોલીફાય ખેલાડી તેમજ કેરળની સુપ્રસિદ્ધ પ્રાચીન માર્શલ આર્ટ ''કલરીપયટું''નો શિક્ષક છે તેમજ અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલો છે.

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જાણીતા અગ્રણી સ્વ. નરસિંહ મસાણીના બે પુત્રો અને એક પુત્રી પૈકી સૌથી મોટા પુત્ર અમિતસિંહને શાળાકીય અભ્યાસ દરમ્યાન જ યોગ-રમતગમત અને ચિત્રકળા વગેરેમાં વધુ રૂચિ હતી તેથી ધો. ૧૦ પછી તુરંત તેણે જામનગર ખાતે પંચગવ્ય યોગ ચિકિત્સાનો ડિપ્લોમાં કોર્સ કર્યો હતો જેના પગલે તેને ધોરાજીની આદર્શ એજ્યુકેશન સોસાયટી સ્કૂલમાં પીટી ટીચર તરીકે નોકરી પણ પ્રાપ્ત થઈ ગઈ હતી. શાળા અભ્યાસ દરમ્યાન જ યોગ અને ચિત્રકળાની સ્પર્ધાઓમાં રાજ્યકક્ષાએ ઈનામો જીતનાર અમિતસિંહ આ નોકરી બે વર્ષ કરી ત્યારબાદ પિતાના અચાનક થયેલા અવસાનને પગલે પરિવાર સહિત પોરબંદર શીફ્ટ થઈ ગયાં હતા. અહીં તેમની સ્પોર્ટસ એક્ટિવિટી વધુ ખીલવા સાથે તેઓ અનેક સંસ્થાઓ સાથે સંકળાઈને વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ જોડાવા લાગ્યાં હતા. બાળપણથી જ પરિવારમાં સંઘનું સંસ્કાર સિંચન થયું હોવાથી ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અદમ્ય લગાવ ધરાવતા અમિતસિંહે પોતાના ભાઈ હિરેનસિંહ અને મિત્ર લિરીલચંદ્ર પટેલ સાથે મળીને કાશ્મિરમાં ૩૭૦ કલમ તથા આર્ટિકલ ૩૫-એ હટવાની ખુશીમાં પોરબંદર કિર્તી મંદિરથી દિલ્હી રાજભવન સુધીની ૧૨૯૬ કિમીની ''અખંડ ભારત શુભેચ્છા યાત્રા'' કરી હતી. કોરોના લૉકડાઉન દરમ્યાન વંદે માતરમ્ ગૃપ સાથે જોડાઈને ૧૨૦૦ જરૂરિયાતમંદોને દરરોજ બે ટંક ગરમાગરમ ભોજન પહોંચતુ કરવાની સેવામાં મહત્વનું શ્રમદાન આપ્યું હતું. આ સેવામાં તેઓએ ૪૬ સ્વયંસેવકો સાથે કોઈપણ



પ્રકારના વાહન કે પ્લાસ્ટિકના વાસણનો ઉપયોગ કર્યા વગર પર્યાવરણ જાગૃતિનો સંદેશ પણ પાઠવ્યો હતો. જ્યારે રામ મંદિરનો ચુકાદો આવ્યો ત્યારે પોતાના ઘરે ૫૦૦ જેટલાં રામભક્તોને આમંત્રિત કરી ૧૦૦૧ દિવડાં પ્રગટાવી ભગવાન શ્રીરામના નામનો જયઘોષ કર્યો હતો. તેઓ વર્ષ ૨૦૧૩માં જ વિશ્વ મંગલ ગૌ ગ્રામયાત્રામાં આદ્યગુરૂ શંકરાચાર્ય સાથે ગૌ-જાગૃતિ અંગે ગુજરાત ભ્રમણ કરી ચુક્યાં હતા અને નોકરી છોડ્યાં બાદ સતત ત્રણ વર્ષ સુધી તેમણે લસણ-ડુંગળીની ઓર્ગેનિક ખેતીનો સફળ પ્રયોગ પણ કર્યો હતો. રાષ્ટ્રભક્તિ યુવા મંચ સાથે જોડાઈને લોકડાઉનમાં ૪૭૦ ઘરમાં નિયમિત આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કર્યુ હતુ.

વૈદિક યુગથી પ્રભાવિત અમિતસિંહે કેરળમાં ગુરૂ રામેશલક્ષ્મણજી પાસેથી ૭ હજાર વર્ષ પૂર્વે પ્રાચીનકાળમાં મહર્ષિ વશિષ્ઠ અને ભગવાન પરશુરામે વિકસાવેલી યુદ્ધકળાઓ જેવી કે કાલખંડ, બાહ્યયુદ્ધ, મલ્લયુદ્ધ, જરાસંધિ, હનુમાન જતિ તેમજ નિઃયુદ્ધ અને કલરીયુદ્ધ વગેરેનું જ્ઞાન મેળવ્યું અને કલરી પયટું શીખ્યાં કલરીપયટુ એક એવી માર્શલ આર્ટ છે જે દરેક માર્શલ આર્ટની જનની કહેવાય છે. આ સાથે તેમણે ભંગ મોટન નામની કોમ્બેક ટ્રેનિંગ અને શીલંમ્બમ નામનું લાઠીયુદ્ધ પણ શીખ્યું છે. આ પઠી રાયફલ શુટીંગમાં હાથ અજમાવતા તેમણે સ્ટેટ અને નેશનલ ક્વોલિફાય થવા સાથે ૫૨ મી ઓપન ગુજરાત શુટીંગ ચેમ્પિયન શીપમાં ૫૦ મીટર સ્મોલ બોર ફ્રી કેટેગરીમાં ૬૦૦માંથી ૫૪૭ પોઈન્ટ સાથે રજતચંદ્રક હાંસલ કર્યો હતો. રાયફલ શુટીંગ દરમ્યાન તેઓ ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાયફલ એસોસિએશનના ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ બારડના પરિચયમાં આવ્યાં અને આ પરિચય ગાઢ થતાં ગજેન્દ્રસિંહે તેમને પોતાની રાયસણ વિસ્તારમાં પીડીપીયુ રોડ પરની કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશનની રાયફલ શુટીંગમાં ટ્રેનિંગ ઈન્સ્ટ્રક્ટર તરીકે નિયુક્તિ આપી જેથી અમિતસિંહ એક વર્ષથી ગાંધીનગરના તથા કલરીપયટુ-યોગ વગેરેની તાલીમ આપે છે. આ સાથે તેઓ વૈદિક યજ્ઞ વિધિ, પ્રાચીન ગ્રંથો કંટસ્થ કરવા જેવી તાલીમ પણ આપે છે. આ સાથે તેઓ પોતાની ચિત્રકળાને પણ નિખારી રહ્યાં છે. જેમાં તેઓ અત્યાર સુધીમાં પોરબંદર ખાતે બે આર્ટ શો કરી ચુક્યા છે. તાજેતરમાં છઠ્ઠી ઓક્ટોબરે તેમણે પોરબંદર નજીક શિવરાજપુર બીચ ખાતે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભારત અને ગુજરાત સરકારના વન-પર્યાવરણ વિભાગ દ્વારા આયોજિત સેન્ડ આર્ટ કોમ્પિટીશનમાં ભાગ લઈને અદ્ભૂત રેત શિલ્પ બનાવી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અનેકવિધ પ્રતિભા ધરાવતા અમિતસિંહ મસાણી માને છે કે કંઈક નવું અને સાહસિક કરવું તે તેમનો શોખ છે. અને જીવનમાં એવી પ્રવૃત્તિ શીખવા તેઓ તત્પર રહે છે જે આગામી પેઢીને પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ વળતાં અટકાવે.

પ્રતિભાવો આવકાર્ય

Samirtalod@gmail.com


## જન્મદિને વધામણી



**તેજસ મજમુદાર**
કાર્યપાલક ઈજનેર,
UGVCL, ગાંધીનગર




**રસિકલાલ એ નાયક**
મો. ૭૬૨૧૮ ૩૬૭૮૭



**રિશી ચૌધરી**
મો. ૮૧૪૦૨ ૫૨૩૭૮



**દામિની એ શાહ**
મો. ૯૧૦૬૯ ૪૮૫૧૭




**પ્રજીત જીગ્નેશ સોલંકી**
મો. ૯૭૨૩૮ ૯૫૭૪૫



**આરવ જતીન વ્યાસ**



**પરિધી ગુલઝાર નાયક**
મો. ૯૬૩૮૮ ૦૩૪૮૬



**પરિધા ગુલઝાર નાયક**
મો. ૯૬૩૮૮ ૦૩૪૮૬

## ચિરવિદાય

- સ્વ.શર્મા કંચનબેન મનુભાઈ, ઉ.વ.૮૧, સેકટર-૬
- સ્વ.પટેલ ભાનુમતી રમણલાલ, ઉ.વ.૮૦, સેકટર-૩
- સ્વ.જોષી ચંદ્રિકાબેન હસમુખભાઈ, ઉ.વ.૮૬, સેકટર-૧૨
- સ્વ.મકવાણા દીવાબેન ભેમાજી, ઉ.વ.૭૪, બોરીયા, હરિપુરા
- સ્વ.પડિયા રમેશચંદ્ર રતિલાલ, ઉ.વ.૬૭, સેકટર-૩૦
- સ્વ.દંતાણી મંગુબેન શકરાભાઈ, ઉ.વ.૧૨૧, સે-૩૦ જીટીએસ છાપરા
- સ્વ.ઠાકોર ભવાનજી રુપસંગજી, ઉ.વ.૬૧, ચાંદીસણા
- સ્વ.શાહ નીતિનકુમાર દિનેશચંદ્ર, ઉ.વ.૫૭, સેકટર-૨૧